# અરુણોદય

ઓગષ્ટ- ૨૦૨૪

અંક – ૬૦

સંપાદકીય બોર્ડ
- શ્રી એચ.જી. દવે
- શ્રી એસ.જે. મહેતા
- શ્રી એમ.એમ.ઠક્કર
- શ્રી પી.ટી.પઢેરીયા

## અનુક્રમણિકા

- આઝાદી : ઈશ્વરની દેન
- ઝવેરચંદ મેઘાણી એટલે માનવતાનો સાદ
- નીડર ઋષિ
- मित्र वही है
- સખી! સાંવર વરસ્યો સાંબેલાધાર...
- કામમાં ખુશ રહેવાના ઉપાયો
- માં ના આશીર્વાદ
- રુટ્રી શું છે?
- શાળાની પ્રવૃત્તિઓ



ડિઝાઈનઃ- એમ.એમ.ઠક્કર(મા.શિક્ષક) ૯૦૯૯૯૫૨૪૦૧

## તંત્રી સ્થાનેથી

સર્વે જીએમડીસી , જીએસઈસીએલ કર્મચારી ભાઈઓ-બહેનો , શિક્ષકમિત્રો તથા વિદ્યાર્થીઓ સૌને સાદર વંદન "અરૂણોદય" ઓગષ્ટ-૨૦૨૪ ,અંક-૬૦ ને આપ સર્વની સમક્ષ રજુ કરતાં ખૂબ ખૂબ હર્ષની લાગણી અનુભવું છું.

તંત્રી સ્થાનેથી સર્વેને હું આ અરૂણોદય અંકમાં આપ દ્વારા કોઈપણ લેખ આપવામાં આવશે તો તે સ્વીકાર્ય રહેશે. જેથી આજના આ ઓનલાઈન જમાનામાં સુંદર લેખો વાંચવા માટે અને લખવા માટે કર્મચારીઓ તથા તેમના આશ્રિતો પ્રેરિત થશે અને વધુમાં વધુ લેખો આપણે આ અંકમાં સમાવી શકીશું.

તંત્રી



# આઝાદી : ઈશ્વરની દેન



બી.પી. દવે
માધ્યમિક શિક્ષક

[ પૂજ્ય દાદાજી પાંડુરંગ શાસ્ત્રીના પ્રવચનમાંથી સંકલિત]

૧૫ ઑગસ્ટ ૧૯૪૭માં આપણે આઝાદી મેળવી. આપ સહું તે જાણો છો આઝાદી માટે શહીદ થનારા વીરોને યાદ કરવાનો દિવસ છે.લાલ, બાલ અને પાલ ને યાદ કરીએ .ભગતસિંહ, તાત્યાટોપે, સુખદેવસિંહ સુભાષચંદ્ર બોઝ સાવરકર વગેરે કેટલાને યાદ કરીએ ?.નામી અનામી તમામને સો સો સલામ કરીએ તે સિવાય શું કરીએ ? મહાત્મા ગાંધીજી, સરદાર પટેલ, જવાહરલાલ નહેરુ જેવા અનેક સપૂતોને કેમ ભૂલાય ?

વળી સરોજીનીનાયડુ, કેપ્ટન લક્ષ્મીસહેગલ, રાણી લક્ષ્મીબાઈ, કલ્પના દત્તા, અરુણા અસફઅલી, વગેરે વીરાંગનાઓની વાત કરવી જ પડે ખરું ને?

૧૫૦- ૧૫૦ વર્ષની ગુલામી પછી આપણે આઝાદ થયાં તેની ખુશીમાં આખો દેશ આનંદથી ઝૂમી ઉઠ્યો વર્ષોની મહેનત રંગ લાવી. ઠેરઠેર ઉત્સવ ઉજવણી થવા લાગી. દેશભક્તિના રંગે આખો દેશ રંગાઈ ગયો. "સાબરમતી કે સંત તુને કર દિયા કમાલ....." ગીત ગવાવા લાગ્યાં. આ તમામ વાતો સાથે એક વાત ભૂલાઈ ગઈ . There is unseen power behind every success.

મારે વાત કરવી છે.આ અદ્રશ્ય શક્તિ બાબત.

આપણને આઝાદી મળી તેની પાછળ ભગવાનની કૃપા રહેલી છે. આ બાબત સમજવા ઈતિહાસ તરફ નજર કરવી પડશે. ઈ.સ. 1939-1945ના બીજા વિશ્વયુદ્ધ ના ભયંકર પરીણામ આવ્યાં. તેની અસરથી ઈંગ્લેન્ડ આર્થિકરીતે, સામાજિકરીતે પાયમાલ થયું. મંદીની આ અસરથી ઈંગ્લેન્ડને ઉગારનાર વિસ્ટન ચર્ચિલ હતા. ચર્ચિલની આગેવાની નીચે ઈંગ્લેન્ડ ફરી બેઠું થયું. ચર્ચિલના સૂત્ર v for victory થી લોકોમાં નવો ઉત્સાહ ઉભો થયો હતો. ઈ.સ.૧૯૪૭માં ઇંગ્લેન્ડમાં ચૂં ટણી યોજાઈ ચર્ચિલની રૂઢીચુસ્ત પાર્ટી(conservative party ) સામે મજુર પાર્ટી (Labour party ) હતી. ઈંગ્લેન્ડ નો ઈતિહાસ સાક્ષી છે કે મજુરપાર્ટીની ક્યારેય જીત થઈ નથી એમાં વળી આ

વખતે તો સમગ્ર ઈંગ્લેન્ડમાં ચર્ચિલની વાહ વાહ થતી હતી તેથી રૂઢીચુસ્ત પાર્ટીની જ જીત થાય તે સ્પષ્ટ હતું કોઈપણને આ બાબત શંકા ન હતી.

બે પાર્ટીઓ વચ્ચે મુખ્ય ભેદ એ હતો કે રૂઢીચુસ્ત પાર્ટી ભારતને આઝાદી ન મળવી જોઈએ તેવું માનતી હતી જયારે લેબર પાર્ટી ભારતને આઝાદી મળવી જ જોઈએ તેવું માનતી હતી હવે ન ધારેલું થયું જે પાર્ટી એકપણ વખત ચૂં ટણી જીતી શકી ન હતી તે લેબર પાર્ટી જીતી ગઈ. મજુરપાર્ટી એ ઈંગ્લેન્ડ સંસમાં ઠરાવ પસાર કર્યો અને ભારતના વાઈસરોયને કર્યો કે "QUIT INDIA COMING HOME"

ફરી ઈતિહાસ દોહરાવીએ તો......

ભારતને આઝાદી મળી ગયા પછી દોઢ વર્ષમાં જ લેબર પાર્ટીનું પતન થયું ફરી ઈંગ્લેન્ડમાં ચૂંટણી આવી અને તેમાં લેબર પાર્ટી હારી ગઈ. ત્યારબાદ ઈ.સ.૧૯૯૯ સુધી રૂઢીચુસ્ત પાર્ટીનું શાસન રહ્યુંઆમ ભારતને આઝાદી અપાવવા માટે જ લેબર પાર્ટી સત્તા પર આવી. તેની પાછળ ભગવત્તકૃપા દેખાય છે.

સવાલ એ છે કે લાખો લોકોનાં ભેજા બદલાવનાર કોણ ?અદ્રશ્ય શક્તિની ઈચ્છા વગર આ શક્ય નથી.

ભગવાનની પણ એવી ઈચ્છા હશે કે ભારત દેશ આઝાદ થવો જોઈએ .ભારત પાસે વિશીષ્ટ સંસ્કૃતિ છે,વિશીષ્ટ વિચારધારા છે તે સમગ્ર વિશ્વમાં ફેલાવા જોઈએ વિશ્વમાં ભારત વિવિધતાથી ભરેલો દેશ છે.સમગ્ર દેશમાં ઋતુંઓનું ચક્ર નિયમિત છે. સમયનું ચક્ર નિયમિત છે સમગ્ર દેશમાં સમયનો તફાવત બહુ થોડો છે જયારે વિશ્વના અન્ય દેશો માં અલગ અલગ પ્રાંતમાં બે થી ત્રણ કલાકનો સમયમાં ફેરફાર જોવા મળે છે. અન્ય દેશોમાં ઋતુઓનું ચક્ર પણ નિયમિત જોવા મળતું નથીઅમુક દેશોમાં સવારે તડકો(ઉનાળા જેવું વાતાવરણ જોવા મળે છે, તો ત્યાં સાંજે વરસાદ પડે છે આમ વિવિધતામાં એકતા આપણા દેશની ઓળખ છે. ભૌગોલિક અનુકૂળતા અને ભવ્ય સાંસ્કૃતિક વારસો હોવાથી આપણા દેશમાં દસ દસ અવતારો થયાં છે

આમ તમામ શહીદોનું બલિદાન + પ્રભુ ઈચ્છાથી આપણને આઝાદીના મીઠાં ફળ ચાખવા મળ્યાં છે. આપણે શહીદોની સાથે સાથે ભગવાનને ન ભૂલીએ શહીદોના બલિદાન એળે ન જાય તેની કાળજી રાખીને ઉત્સવ ઉજવીએ. ઉપરાંત ભગવાને આપણા ઉપર જે વિશ્વાસ મૂકને આપણને આઝાદી અપાવી તે વિશ્વાસને સાર્થક કરીએ અને ભારતીય સંસ્કૃતિ વિશ્વમાં ફેલાવીએ.


આપણું ભારત એ માત્ર ભૂખંડ નથી, પરંતુ વિશિષ્ઠ સંસ્કૃતિ છે માતા પિતા માટે આદર, ગુરૂજનો માટે આદર, અતિથિ સત્કાર વગેરે આપણા લોહીમાં વણાઈ ગયા છે.

Sanskruti means Way Of Worship + Way Of Life + Way Of Thinking

માતા પિતા પ્રત્યે પ્રેમ ,દેશપ્રેમ, પ્રભુ પ્રેમ દિલમાં રાખીને સ્વતંત્રતાદિન ઉજવીએ એજ આશા.



# ઝવેરચંદ મેઘાણી એટલે માનવતાનો સાદ



**Dr. Parth Patel**
Assistant Manager
Public Relations ,GMDC

"હજારો સાલ નરગીસ અપની બેનૂરી પે રોતી હૈ,
બડી મુશ્કેલ સે હોતા હૈ ચમન મેં દિલાવર પૈદા"

કસુંબલ રંગનો કવિ એટલે ઝવેરચંદ મેઘાણી. ઝવેરચંદ મેઘાણી એટલે રાષ્ટ્રની માટીની મહેંક. સંસ્કાર - સભ્યતા અને સંસ્કૃતિનો ઝગમગાટ. માનવ મૂલ્યનો સાચો ઝવેરી. શબ્દનો સોદાગર અને ગુજરાતી સાહિત્યનો તેજસ્વી તારલો. વીરતા, કુલીનતા અને લલકારનો કવિ એટલે મેઘાણી.

ઝવેરચંદ મેઘાણીનો જન્મ 28 મી ઓગસ્ટ1896ના રોજ ચોટીલામાં થયો હતો. તેમના પિતાશ્રી પોલીસ અધિકારી હતા.જાણે વીરતા તેમને વારસામાં મળી હતી. ઈ.સ.1922માં કલકત્તાની જીવણલાલ શાહ એન્ડ કંપનીમાં તેઓ અધિકારી હતા. પરંતુ તેમનો માંહ્યલો સૌરાષ્ટ્રની ધીંગી ધરાના પડઘા ક્યારનોય પાડતો હતો. આત્માના અવાજને વશ થઈ કલકત્તા છોડી વતનમાં આવવા ડગ માંડ્યા. અમૃતલાલ શેઠ કે જે લીમડીના જજ હતા. તેમણે ન્યાયાધીશ પદેથી રાજીનામુ આપી સૌરાષ્ટ્ર નામનું અખબાર શરુ કર્યું. અમૃતલાલ શેઠને મેઘાણીએ પત્ર લખ્યો, "લી. હું આવું છુ" અને લોકશાહિત્યનો આ જીવ 1922 માં સૌરાષ્ટ્ર અખબારમાં જોડાયો. કવિતા, નવલિકા, નવલકથા, ગ્રામ્ય સાહિત્ય, ફિલ્મ સમીક્ષા, ઐતિહાસિક કથાઓમાં તેમનુ માતબર યોગદાન તેમના લખેલા 90 પુસ્તકો ઉપરથી જણાઈ આવે છે. ગુજરાતી પત્રકારત્વનો શ્રેષ્ઠ પત્રકાર તરીકે નામના મેળવી પત્રકારને આ ધરાની ધૂળ સાથે કેવો સંબંધ હોય તે તેમણે પ્રતિપાદિત કર્યો. ઈ.સ.1932માં સૌરાષ્ટ્ર અખબાર છોડ્યું અને ફૂલછાબના તંત્રી બન્યા. એટલું જ નહિ જન્મભૂમિ અખબારમાં કલમ ઔર કિતાબ નામની કોલમ દ્વારા તેમણે પત્રકારત્વ અને લોકચેતનાને સમૃધ્ધ કરી.

શૌર્ય - વીરતા - ખડતલપણું એ મેઘાણીનો લલકાર હતો. એમના જ શબ્દોમાં એ પ્રતિત થતું જણાય છે. 'હું પહાડનું બાળક છુ - મેઘાણી'. સોરઠ તારા વહેતા પાણી, વેવિશાળ, તુલસી ક્યારો, સોરઠી બહારવટિયા, સૌરાષ્ટ્રની રસધાર એમ લોકસાહિત્યની અમૃતધાર મેઘાણીએ વહાવી છે જેના ઘૂંટ ઘૂંટ પીને અનેક વાચકો ધન્ય થયા છે અને ધન્ય થતા રહેશે.

આઝાદીના ગીતો લખવાની સાથે સાથે મેઘાણી આઝાદી સંગ્રામમાં જોડાયા. આઝાદીની લડાઈના સંદર્ભમાં બાળપણમાં મેઘાણીના વીરતાભર્યા ભાષણથી સત્યાગ્રહીઓ ઉશ્કેરાયા ત્યારે તેમની ધરપકડ કરવામાં આવી. ધંધુકાની કોર્ટમાં કેસ ચાલ્યો. મેઘાણીને 2 વર્ષની સજા કરવામાં આવી. કોર્ટમાં લોકોએ મેઘાણી પાસેથી ગીતની માંગણી કરી ત્યારે તેમણે ગીત ગાયું :- 'છેલ્લી પ્રાર્થના'. ગીત સાંભળી લોકો તો રડી પડ્યા પણ ખુદ


ન્યાયાધીશ રડી પડ્યા. આ છે મેઘાણીના શક્તિની તાકાત.

ગોળમેજી પરિષદમાંથી ગાંધીજી નારાજ થઈને પાછા આવશે તેવું લોકો માનતા હતા ત્યારે મેઘાણીએ લખેલી કવિતા 'ઝેરનો કટોરો'અમર બની ગઈ છે. સૌરાષ્ટ્ર અખબારમાં આ કવિતા પ્રથમ પેજ ઉપર છપાઈ અને મેઘાણીની વાહ વાહ થઇ ગઈ. ગાંધીએ મેઘાણીને અંજલિ આપતા હોય તેમ સંબોધન કર્યું - 'મેઘાણી, આપણા રાષ્ટ્રીય શાયર'ત્યારથી મેઘાણી રાષ્ટ્રીય શાયર તરીકે પ્રસિધ્ધ થયા. 'ઝેરનો કટોરો' કાવ્યની પંક્તિઓ આઝાદી ચળવળ સાથેનું તેમનું તાદાત્મય,ગાંધીનું આભને આંબતું ચારિત્ર્ય અને ગાંધી પ્રત્યેયનો ઉત્કૃષ્ટ આદર વ્યક્ત કરે છે.
-

"છેલ્લો કટોરો ઝેરનો આ પી જજો બાપુ,
સાગર પિનારા અંજલિ નવ ઢોળજો બાપુ"

મેઘાણીએ ગુજરાતને સંસ્કારી,સત્વશીલ, શૌર્યવાન, ખમીરવંતુ સાહિત્ય પીરસી કવિતા, નવલકથા, વાર્તા અને પત્રકારત્વ ક્ષેત્રે નવી જ રાહ કંડારી છે.ઈ.સ. 1931માં 'સૌરાષ્ટ્ર' અખબાર બંધ પડ્યું. ઈ.સ.1932માં 'ફૂલછાબ' શરુ થયું.ઈ.સ. 1942માં 'ફૂલછાબ' ઉપર પ્રતિબંધ મૂકાયો. ત્રણ માસ બાદ ફરી શરુ થયું. ઈ.સ. 1945માં મેઘાણી નિવૃત થયા. ઈ.સ. 1946માં ગુજરાતી સાહિત્યનું અધિવેશન ભરાયું અને 9 મી માર્ચ 1947 ના રોજ બોટાદમાં હાર્ટ એટેક આવતા ગુજરાતી સાહિત્યનો આ તારલો ખરી પડ્યો. ત્યારે આમ જનતા એ તેમનો રાહબર ગુમાવ્યો. મેઘાણીના શબ્દો ત્યારે ચરિતાર્થ થતા લાગ્યા - 'હું વિવેચનના પંડિત તરીકે નહિ પણ સામાન્ય સમજના વાચક તરીકે લખું છુ'.

આજે પણ સૌરાષ્ટ્રના અખબારો મેઘાણીને અનુસરીને ધન્યતા અનુભવે છે. મેઘાણીના શબ્દો આજે પણ પત્રકારત્વને રાહ ચીંધે છે - "પત્રકાર નિર્મમ પ્રેક્ષક નથી પણ સંવેદનશીલ આલોચક છે." સૌરાષ્ટ્રની સંસ્કૃતિ તેમના સાહિત્યમાં પડઘા પાડતી, તે જોઈને ઉમાશંકર જોષી બોલી ઉઠે છે,'મેઘાણી એટલે સાક્ષાત સૌરાષ્ટ્ર'. સાહિત્યકાર મેઘાણીની જીવનયાત્રા જોઈને આપણને ખબર પડે છે કે એક કવિએ જનેતાને આવી શિખામણ કેમ આપી હશે!"જનની જણે તો ભકત જણ કાં દાતા કાં શૂર,નહિતર રહેજે વાંઝણી મત ગુમાવીશ નૂર"





# નીડર ઋષિ

કુ. એન.વી. સોરઠીયા
ઉચ્ચ.માધ્ય.શિક્ષક

ઋષિ માનવજાતનો ઉધ્ધારક છે. તે બહારથી કઠોર પણ અંદરથી મૃદુ અને પરોપકરી જ હોય છે. ઋષિઓને દેવ સમાન ભારતીય સંસ્કૃતિ માને છે. એવું કહેવાય છે કે – ' દુર્જનની કૃપા બૂરી ભલો સજજનનો ત્રાસ'. આવું આપણે બોલતા હોઈએ છીએ. દુર્જનનો પડછાયો પણ ન લેવાય. જ્યારે સજ્જન ના કઠોર લાગતાં વેણ આપણા માટે હિતકારક જ હોય છે.

વર્ષો પહેલાની વાત છે , અષ્ટાવક્ર નામના ઋષિ રાજા જનકના રાજગુરૂ હતા. એકવાર રાજા જનક પરિવાર સાથે રાજપથ પર ફરવા માટે નીકળ્યા. રાજાને કોઇ અગવડ ન પડે તે માટે લોકોને રસ્તા વચ્ચેથી બળજબરી પૂર્વક દૂર કરવામાં આવતા હતા. આજ સમયે અષ્ટાવક્ર પણ એ જ રસ્તા પર જઇ રહયા હતા. સૈનિકોએ તેમને રસ્તો છોડી દેવાં કહ્યું.

અષ્ટાવક્રે તેનો વિરોધ કરી આદેશ માનવા ઇન્કાર કરી દીધો. સૈનિકોએ તેમને પકડી રાજા જનક સામે હાજર કરી દીધા. ત્યારે રાજા જનક બોલ્યા, આપે રાજાની આજ્ઞા ન માની ને યોગ્ય કાર્ય કર્યુ . **તમારા જેવા નિર્ભીક સંત** રાજયની અમૂલ્ય સંપતિ છે. આપ મારા રાજગુરૂ બનો જેથી હું રાજ્યને ન્યાય અને નીતિથી ચલાવી શકું.

ખરેખર ધન્ય છે આવા જનક જેવા રાજા જેને અષ્ટાવક્ર જેવા ગુરૂ મળ્યા જેથી તેઓ સારી રીતે મિથીલા નગરીનો રાજ્ય કારભાર સંભાળી શકયા. જેવા રાજા તેવી પ્રજા. પ્રજા પણ તેમનો એટલોજ આદરભાવ કરનારી હતી. રાજા જનકે ઉત્તમ રાજ્યવયવસ્થા ગુરૂના આશીર્વાદથી સ્થાપી અને લોકોનો ખૂબ પ્રેમ જીત્યો.



**વી.જી.રાઠોડ**
ઉચ્ચ.માધ્યમિક શિક્ષક

## मित्र वही है



तप्त हृदय को , सरस स्नेह से,
जो सहला दे , मित्र वही है ।
रुखे मन को , सराबोर कर,
जो नहला दे , मित्र वही है ।
प्रिय वियोग , संतप्त चित को ,
जो बहला दे , मित्र वही है ।
अश्रु बुँद की , एक झलक से ,
जो दहला दे , मित्र वही है ।

उपर्युकत पंक्तियों में श्री मैथिलीशरळ गुप्तजी ने मित्र और मित्रता की पहचान कराई है मित्र अर्थात दोस्त **'DOST'** का मतलब है -

**D** – दूर रहकर भी जो पास हो ।


**O** - औरो से ज्यादा खास हो ।

**S** - सबसे प्यारा जिसका साथ हो ।

**T** - तकदीर से ज्यादा जिस पर विश्वास हो ।

अंत : सच्चा साथ देनेवाले मित्र की बस एक ही पहचान है कि वो जिक्र नहीं करते हमेंशा फिक्र किया करते है ।

# સખી! સાંવર વરસ્યો સાંબેલાધાર...




**હરિસિંહ સોઢા**
અન્ડર સેક્રેટરી,
નર્મદા, જળ સંસાધન,
પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
સચિવાલય-ગાંધીનગર
(ભૂતપૂર્વ વિદ્યાર્થી)


બંધ હતી ખડકીઓ, બંધ બધાં દ્વાર
સન્નાટો ઓઢીને સહેજ સૂતી'તી મેડી,
ત્યાં ઓચિંતો ખાબકયો  આરપાર
સખી ! સાંવર વરસ્યો સાંબેલાધાર
મધરાતે આંખ માંડ બીડી ન બીડી,
ગાજ-વીજ વિના કર્યો છાનો પ્રહાર
હો ભાદરવાનો મેઘ, તોય સમજીએ
આ તો  અષાઢીયે  છેતરી અપાર !
સખી ! સાંવર વરસ્યો સાંબેલાધાર
વનલતાઓની  વેણી  પહેરાવી ને,
ચંદ્ર-બિંદી ચોડી દીધી  ઝટ કપાળ
વીજ-લકીરો કે સિંદૂર સૌભાગ્યનું?
પ્રેમ  પાનેતરે  બાથમાં લીધી ધરાર
સખી ! સાંવર વરસ્યો સાંબેલાધાર
વિના કંકોતરીએ લાવ્યો પીઠ્ઠી-પડીકાં,
શરણાઈના સૂર વિના થયાં એકરાર !
તમરાંના ગુંજન  હવે  સાંજીના ગીત,
લાગે  ગાન  દર્દૂરોના  મંગળિયા ચાર
સખી ! સાંવર  વરસ્યો સાંબેલાધાર
ભીંજાણી કે રહી કોરી, રામ જાણે,
ન હાથ હૈયું હવે, ચૂકી ગઇ ધબકાર
ઘડીક હાથમાં, પહેરું ઘડીક પગમાં
ટીપાંની ઘૂઘરીએ ઝાંઝરના ઝમકાર!
સખી ! સાંવર વરસ્યો સાંબેલાધાર
ખુલ્લી રહી ગઇ ખડકી, ને ખુલ્લાં દ્વાર
લાજ ટાંગી નેવે, દોડી હું ઊભી બજાર
ધરા-ગગન જ્યાં ભેગાં મળે નાવલિયા,
તું તારે હંકાર હોડી એ નદીઓને પાર
સખી ! સાંવર વરસ્યો સાંબેલાધાર



# કામમાં ખુશ રહેવાના ઉપાયો



જે.આર.આમલાણી
સિ.પ્રાથમિક શિક્ષક

ક્યારેક ને ક્યારેક તો સૌના જીવનમાં નિરાશાભર્યા દિવસો આવે જ છે. એવું લાગ્યા કરે છે કે જાણે બધુ નીરસ થતું જાય છે, કશુંય નવું નથી. એમાય આજની જબરદસ્ત સ્પર્ધાત્મક પરિસ્થિતિઓમાં આમ થવું જોગનું જોગ છે. મોટા ભાગના લોકો પોતાના કામ કાજ થી સંતુષ્ટ જોવા મળતા નથી. ક્યારેક કામ સમયસર પૂરું થતું નથી. ક્યારેક સહ કર્મચારી પરેશાની નું કારણ હોય છે, તો ક્યારેક બોસ ની કચકચ હતાશ કરી મૂકે છે. જો કે ખરેખર તો આ બધી પરિસ્થિતિઓ આપણાં દ્વારા જ નિર્મિત હોય છે. આપણે એ વિચારીને પોતેને યોગ્ય ઠેરવતા હોઈએ છીએ કે, પરિસ્થિતિ વિપરીત છે એટલા માટે આપણે હતાશ છીએ, પરંતુ ક્યારેક શાંતિથી બેસીને એ વિચાર કરોકે, આમ થવું એ મારા નકારાત્મક સ્વભાવ ને કારણે તો નથી ને ? સંતુષ્ટિ, અસંભવ બાબત નથી. સ્થિતિ કાયમ આપના જ પક્ષ માં હોય એ ન બની શકે. તેમ છતાં સંતુષ્ટ હોવું એ ઘણે બધે અંશે આપણા હાથની બાબત છે. એટલામાટે અપનાવો આ ઉપાય .....

**સકારાત્મક વિચાર : -**

ખરાબ માં ખરાબ પરિસ્થિતિમાં પણ આપણો આત્મવિશ્વાસ ટકાવી રાખતું પરિબળ એટલે સકારાત્મક વિચાર ધારા. જે પણ થશે, આપણી તરફેણ માં થશે. અને આપણે મહેનત કરીશું તો તેનું પરિણામ સારું જ મળશે. દરેકે દરેક પરિસ્થિતિઓમાં આ વિચારધારા આપણા મનમાં લગાતાર ચલાવી જોઈએ, જેના દ્વારાજ આપણને તક મળશે.

**દ્રષ્ટિકોણ બદલો :-**

મોટા ભાગના લોકો પોતાના વર્તમાન કામથી નાખુશ રહેતા હોય છે. ખરેખર તો પોતે પણ સવારે ૯ થી સાંજે ૬-૭ વાળી માનસિકતામાં જ ઘેરાયેલા હોય છે. તેઓ બરાબર ૯ વાગ્યે ઓફિસમાં પહોચે છે અને સાંજે ૬ વાગ્યે ઊઠીને ચાલ્યા જાય છે. રોજ ઓજ ની આ દિનચર્યા કોઈ પણ કામને નીરસ બનાવાવા માટે કાફી છે. ભલે કામ તમારા મન – મૂડ લાયક ન હોય, પરંતુ જ્યારે તમે પોતે તમારી અંદર જવાબદારીનો અહેસાસ કરો છો, તો જે કામ કરી રહ્યા છો , તેમાં ખુશી શોધી જ કાઢશો. રચનાત્મક કાર્યને જાણજો . મન-મૂડ વગર કરવામાં આવે તો તે વ્યર્થ છે. જ્યારે નીરસ કાર્યોને પણ થોડા રચનાત્મક બનાવીને કરવામાં આવે તો આનંદ મળે છે. પોતાને મહત્વપૂર્ણ સમજવા, સર્વોત્તમ રીતે કાર્ય સરવાણી માનસિકતા અકળામણ કે મૂઝવણમાથી બચાવે છે. જરા વિચારો, કંપનીમાં તમેજ એકલા કર્મચારી છો, તો શું તમે તે માટે મહત્વપૂર્ણ નથી ? જો ના , તો પછી કંપની તમારી સેવાઓ શા માટે લઈ રહી છે ? એક વાર

તમે તમારા મન-મગજ માં આ વિચાર ફિટ કરી દો. એટલે કામમાં સંતુષ્ટિ તમને આપોઆપ મળશે જ.

**કાર્ય માટે કૃતજ્ઞ:**

માની લઈએ કે, તમે તમારા વર્તમાન રોજગારથી સંતુષ્ટ નથી, પરંતુ તમારી આસપાસ નજર દોડાવો. શું હજારો વ્યક્તિઓ જે મળે તે નોકરી માટેય નથી ભટકાતાં ? કે લગાતાર વધતી જતી વસતી ને કારણે બેકારોની સંખ્યામાં વધારો નથી થઈ રહ્યો ? આવી દશામાં એક વાત માટે કૃતજ્ઞ બનવું જોઈએ કે કમસે કમ તમારી પાસે એક રોજગાર તો છે, જેના દ્વારા તમે તમારા અને તમારા પરિવાર માટે ન્યૂનતમ જરૂરિયાતો તો પૂર્ણ કરી શકો છો. આ વિચાર તમને સકારાત્મકતા પ્રદાન કરશે.

**નાનમ ન અનુભવો :-**

મોટા ભાગના લોકો બેહદ સંવેદનશીલ હોય છે. ખાસ કરીને જ્યારે તેઓ કાંઈક ખોટું કરી બેસે . જો તમે જવાબદારી થી કોઈ કાર્ય સંભાળી રહ્યા હોય તો શક્ય છે કે ક્યારેક કોઈ ભૂલ પણ તમારાથી થઈ જાય. કામ કારસો તો ભૂલ થશે. એક ભૂલ નો અર્થ પોતાને “હોશિયાર નથી” એવું માનવાનો અર્થ નથી. અનાવશ્યક રીતે પોતાની નાનમ અનુભવવાને બદલે વિચારો કે આ ભૂલ તમને ભવિષ્યમાં વધુ ઉત્તમ બનવાની તક પૂરી પાડે છે.

**માફ કરો :-**


માફી આપવી બેહદ મુસ્કેલ બાબત છે. ખાસ કરીને ત્યારે જ્યારે કિસ્સાઓ રોજ બરોજ થતી ભૂલ નો હોય. કેટલીય વાર કર્મચારીઓ વચ્ચે નાની-મોટી લડાઈ – તકરાર – ઝઘડા વગેરે રાઈનો પહાડ બનાવી ડે છે. આવી સ્થિતિ પુનઃ પેદા ન થાય તે જુઓ. જો આવી સ્થિતિ ફરીથી પેદા થાય તો યાદ રાખો કે , દરેક ચીજથી જિંદગી મોટી છે અને ખુશ ત્યારે જ રહેવાય જ્યારે આસપાસ નું વાતાવરણ સહજ બની રહે. આ સહજતા ત્યારે જ જળવાઈ રહે જ્યારે તમે કર્મચારીની ભૂલોને માફ કરો.

**સહજ રજૂઆત :-**

જો તમે હેરાન પરેશાન હોવ , કામ માં મન ન લાગતું હોય, એનું કારણ કેટલીક પરિસ્થિતી કે લોકો હોય ત્યારે ખુશી સંતુષ્ટિ જેવા શબ્દ અસર કરતાં નથી આવા વાતાવરણમાં જો સંતુલિત ઢંગથી તમારી વાત ને રજૂ કરવામાં આવે તો કાંઈક અંશે શાંતિ મળી શકે. અન્યાય સામે પોતાના હક્ક માટે પણ બોલવું જરૂરી છે. ડર્યા વગર રાજુઆત કરો, એથી તમને તો અન્યાય નહીં થાય, બીજાને પણ અન્યાય થતો અટકશે. થોડા સચેત પ્રયાસ, થોડી સકારાત્મકતા અને થોડી રણનીતિ..... આ બધાથી જ હાંસલ કરી શકશો તમારા કાર્યમાં ખુશી......!



# માં ના આશીર્વાદ



પી.બી. પ્રજાપતી
ઉચ્ચ.માધ્યમિક શિક્ષક

**છોરું કછોરું થાય પણ માતા કમાતા ન થાય.** આ ઉક્તિ ખરેખર માં ના અતૂટ પ્રેમનું પ્રતિક છે. વ્યક્તિ ધનવાન હોય કે ગરીબ તેના માટે ધન - દોલત કરતાં માંની છત્રછાયા મૂલ્યવાન છે. માંના આશીર્વાદ દરેક વ્યક્તિ માટે ઢાલ સમાન છે.

બહુ પહેલાંનાં સમયની વાત છે. પોતાના દક્ષિણ આફ્રિકાના પ્રવાસ દરમિયાન ગાંધીજી પોતાના ગળામાં તુલસીની કંઠી પહેરી રાખતાં. તેમના મિત્રોને આ જોઈ ખૂબ આશ્ચર્ય થતું. એક દિવસ એક બેરિસ્ટર મિત્રે ગાંધીજીને કહયું કે તમે આટલા ભણેલા ગણેલા છો તમને આ માળા પહેરવાથી તમે અંધશ્રધ્ધાળું લાગો છે. લાવો આ માળા હું તોડી નાંખુ.

ગાંધીજીએ કહયું ' આ માળા તમેં કેવી રીતે તોડી શકો ?' "આ તો મારી માતાએ આપેલ આશીર્વાદ નું સ્વરૂપ છે."

એમ ? તમને એના પર એટલો બધો વિશ્વાસ છે ? તેમના મિત્રે પૂછયું.

ગાંધીજીએ જવાબ આપતાં કહયું, જૂઓ, **આ કંઠી મને મારી માતાએ પહેરાવી છે.** તેથી હું તેને તોડી શકું નહિ અને હા કદાપિ જો તે તૂટી પણ જશે તો હું બીજી એકેય કંઠી નહિ પહેરું. પણ તેને તોડી તો ન જ શકું. ગાંધીજીની માતા પરની શ્રધ્ધા જોઈ બેરિસ્ટર મિત્રો ચૂપ થઈ ગયા.

ખરેખર માનો કોઈપણ ચીજ પરનો સ્પર્શ પારસમણી બની જાય છે. તેના દ્વારા આપવામાં આવેલી ચીજને અમૂલ્ય માની માંના આશીર્વાદ ગાંઠે બાંધીએ તો બેડો પાર થઈ જાય.

**જનની અને જન્મભૂમિ નો પ્રેમ સ્વર્ગ થી પણ મહાન છે.**



એમ.એ.ગોસ્વામી
માધ્યમિક શિક્ષક



# રુદ્રી શું છે?

રુદ્રી વિશે આપણે બધાએ કયાંકને ક્યાંક તો સાંભળ્યું જ હશે કે આ શિવમંદિરમાં આજે રૂદ્રી છે કે, લઘુરુદ્ર છે. બ્રાહ્મણો તેમજ શિવઉપાસકો માટેનો શિવને પ્રસન્ન કરવા માટેનો ઉત્તમ પાઠ એટલે રુદ્રી.

રુદ્રી વિશે કહેવાય છે કે

"રુત દ્રાવ્યતિ ઈતિ રુદ્ર"

એટલે કે, રુત એટલે કે દુઃખ અને દુઃખનું કારણ, તેને જે દૂર કરે છે, નાશ કરે છે તે રુદ્ર છે અને આવા શિવના રુદ્ર સ્વરૂપને પ્રસન્ન કરવા માટેની સ્તુતી એ રુદ્રી.

વેદોમાં રુદ્રી અંગેના જે મંત્રો છે, તેને શુક્લ યજુર્વેદીય, કૃષ્ણ યજુર્વેદીય, રુગ્વેદીય મંત્રો કહે છે. સૌરાષ્ટ્ર - ગુજરાતમાં શુક્લ યજુર્વેદીય રુદ્ર મંત્રો વધારે પ્રચલિત છે.

રૂદ્રની આ સ્તુતી, રુદ્રીમાં મુખ્ય આઠ અધ્યાય હોવાથી તેને અષ્ટાધ્યાયી કહે છે. આ સ્તુતીમાં રુદ્રની જે મુખ્ય આઠ મૂર્તિઓ છે પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ, ચંદ્ર, સૂર્ય અને આત્મા. તેના સ્વરૂપોનું વર્ણન છે.

સ્થૂળ રીતે આ અધ્યાયોમાં:

- પ્રથમ અધ્યાયમાં ગણપતિની સ્તુતી છે.
- બીજા અધ્યાયમાં ભગવાન વિષ્ણુની સ્તુતી છે.
- ત્રીજા અધ્યાયમાં ઈન્દ્રની સ્તુતી છે.
- ચોથા અધ્યાયમાં સૂર્યનારાયણની સ્તુતી છે.
- પાંચમો અધ્યાય તે હાર્દ છે તેમાં રુદ્રની સ્તુતી છે.
- છઠ્ઠા અધ્યાયમાં મૃત્યુંજયની સ્તુતી છે.
- સાતમાં અધ્યાયમાં મરૂત દેવતાની સ્તુતી છે અને,
- આઠમા અધ્યાયમાં અગ્નિ દેવતાની સ્તુતી છે.

આમ આઠ અધ્યાયમાં તમામ દેવતાની સ્તુતિ થઈ જાય છે. શિવ સર્વ દેવોમાં વ્યાપ્ત હોય તેમજ શિવલિંગમાં સર્વ દેવોનો સમાવેશ થઈ જતો હોય શિવલિંગ પર અભિષેક કરતા આ આઠે - આઠ અધ્યાય બોલી શકાય છે. પંચમ અધ્યાયે કે જે આ સ્તુતીનો મુખ્ય ભાગ છે, તેમાં ૬૬ મંત્ર છે. એકથી ચાર અધ્યાય ત્યારબાદ પાંચમા અધ્યાયનું અગિયાર વખત આવર્તન અને ત્યારબાદ છ થી આઠ અધ્યાયના પઠનથી એક રુદ્રી થઈ ગણાય.

મુખ્ય વસ્તુ રુદ્રના પાંચમા અધ્યાયનો અગિયાર વખત પાઠ કરવો એ હોય તેને એકાદશીની પણ કહે છે.

શિવ સમક્ષ આ પાઠ ચોક્કસ આરોહ -અવરોહ અને શુધ્ધ ઉચ્ચારણથી બોલવામાં આવે તેને પાઠાત્મક રુદ્રી કહે છે. આ પઠનની સાથોસાથ શિવલિંગ પર જલ કે અન્ય દ્રવ્યનો અભિષેક ચાલુ હોય તો તેને રુદ્રાભિષેક કહે છે અને આ રીત યજ્ઞ કરતા હોય તો હોમાત્મક રૂદ્રી થઈ ગણાય.

પાંચમાં અધ્યાયનું સળંગ ૧૧ વખત આવર્તન લેવાને બદલે તેનો આઠમાં અધ્યાય સાથે સંપુટ લેવાની પધ્ધતિને નમક - ચમક કહે છે. હવે જો પંચમ અધ્યાય ૧૨૧ વખત આવર્તન થયો હોય તો તેને લઘુરુદ્ર કહે છે .

- લઘુરુદ્રના ૧૧ આવર્તનને મહારૂદ્રધ અને
- મહારૂદ્રના ૧૧ આવર્તનને અતિરુદ્ર કહે છે.
- રુદ્ર ના ૧ પાઠથી બાળકોના રોગ મટે છે.
- રુદ્રના ૩ પાઠથી મુશ્કેલીમાંથી મુક્તિ મળે છે.
- રુદ્રના ૫ પાઠથી ગ્રહોની નકારાત્મક અસર થતી નથી.
- રુદ્રના ૧૧ પાઠથી ધનલાભ તથા રાજકીય લાભ મળે છે.
- રુદ્રના ૩૩ પાઠથી ઈચ્છાઓ પૂર્તિ થાય છે તથા શત્રુનાશ થાય છે.
- રુદ્રના ૯૯ પાઠથી પુત્ર, પૌત્ર, ધન, ધાન્ય, ધર્મ, અર્થ તથા મોક્ષ પ્રાપ્તિ થાય છે.

રુદ્રાભિષેક એ શિવ આરાધનાની સર્વ શ્રેષ્ઠ રીત છે, કેમકે વૈદિક મંત્રોના શ્રવણ અને મંદિરની ઊર્જાથી સાધક તન્મય થઈ જતો હોય સાધકમાં શિવ તત્વનો ઉદય થાય છે.

આ ઉપરાંત ભગવાન શ્રીકૃષ્ણએ મહાભારતના યુધ્ધ વખતે અર્જુનને બતાવેલ ૧૧ મંત્રોના સમૂહ ને "પુરાણોક્ત રુદ્રાભિષેક" કહે છે. આ પાઠ ૧૧ વખત કરવાથી એક રુદ્રીનું ફળ મળે છે. ઉચ્ચાર સરળ હોય હાલ આ પાઠ લોકોમાં વધારે પ્રચલિત છે. આમ છતા વેદ મંત્રોની રુદ્રીની મજા જ અનેરી છે.

સમય અભાવે કે અન્ય કારણોસર જો વૈદિક રુદ્રીના પાચંમા અધ્યાયના ૧૧ પાઠ થઈ શકે તેમ ન હોય તો સળંગ પાઠ કરવો. તેમાં આધ્યાત્મિક રીતે વ્યક્તિના મન-બુધ્ધિ -કવચ-હૃદય-નેત્ર તેમજ રિલેશનની બાબતો નિર્મળ થાય તેવી વૈદિક રુચાઓ  હોય શુક્લ યજુર્વેદી વૈદિક રુદ્રીનો સળંગ પાઠ કલ્યાણ કારી છે.

# શાળાની પ્રવૃત્તિઓ

## શાળાના વિદ્યાર્થીઓની ચિત્ર પ્રતિભા











વિતાંક્ષા વી. રાઠોડ
ધોરણ-૪




અક્ષયા વી. ભાભોર
ધોરણ-૯



સુહાની એ. રબારી
ધોરણ-૯



નેહા એન. ગઢવી
ધોરણ-૯






વૈદેહી પી. નાયક
ધોરણ-૯

## ધોરણ-૬ અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓએ તૈયાર કરેલ વિજ્ઞાનના પ્રોજેક્ટ











## ગુરુપૂર્ણિમાની ઉજવણી







# તાલુકા કક્ષાની સ્પર્ધા

